# રાજ્યમાં વધુ ૩૬૪ નવા કેસ : અમદાવાદમાં ૨૯૨ : ગાંધીનગરમાં ૦૦

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો ! મારું જીવન અંજલિ થાજો !

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૪ | ૧૪ મે, ૨૦૨૦, ગુરૂવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે ૩ લાખ કરોડનું પેકેજ

**વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલ ૨૦ લાખ કરોડના પેકેજમાંથી પ્રથમ તબક્કાની જાહેરાત : ૪૫ લાખ લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ફાયદો થશે : લઘુ-મધ્યમ ઉદ્યોગો ક્ષેત્રને ૩ લાખ કરોડની ફ્રી ગેરંટી લોન : સૂક્ષ્મ એન્ટરપ્રાઈઝની રોકાણની મર્યાદા ૨૫ લાખથી વધારીને ૧ કરોડ : વીજળી ઉત્પાદન કરનારા માટે ૯૦,૦૦૦ કરોડની જોગવાઈ : સંકટમાં ફસાયેલા નાના ઉદ્યોગો માટે ૨૦ હજાર કરોડ : આ પેકેજથી ગૃહ ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, શ્રમિકો, ખેડૂતો, મધ્યમ વર્ગને ફાયદો થશેઃ નાણાંમંત્રી**

નવીદિલ્હી, તા. ૧૩

પીએમ મોદીએ ગઈકાલે જેની જાહેરાત કરી હતી તેવા ૨૦ લાખ કરોડના પેકેજને લગતી અનેક જાહેરાતો આજે નાણાંમંત્રી નિર્મલા સિતારમણે કરી હતી. આજે કરાયેલી જાહેરાતોમાં રિયલ એસ્ટેટ, એમએસએમઈ સેક્ટરને આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઈન્કમ ટેક્સ ભરવાની તારીખ ૩૧ જુલાઈથી લંબાવીને ૩૦ નવેમ્બર કરાઈ હોવાની પણ તેમણે જાહેરાત કરી હતી. નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે, મધ્યમ, સુક્ષ્મ, ગૃહ ઉદ્યોગોને ત્રણ લાખ કરોડ રુપિયાની લોન કોઈપણ ગેરંટી વિના અપાશે. ચાર વર્ષ માટે આ લોન અપાશે, જેમાં પહેલા એક વર્ષ સુધી માત્ર વ્યાજ જ આપવાનું રહેશે. હાલ તકલીફોનો સામનો કરી રહેલા એમએસએમઈને ૨૦,૦૦૦ કરોડ રુપિયાની સહાય કરાશે. જેનો ફાયદો ૨ લાખ એમએસએમઈને મળશે. એનપીએ જાહેર કરાયેલા




એમએસએમઈને પણ તેનો ફાયદો મળશે. આ ઉપરાંત, એમએસએમઈ ફંડની સ્થાપના કરવામાં આવશે અને તેમાં ઈક્વિટી દ્વારા ૫૦,૦૦૦ કરોડ રુપિયા ઉભા કરવામાં આવશે. જે એમએસએમઈ ટકાઉ બિઝનેસ ધરાવે છે, તેમને તેનો ફાયદો મળશે. તેનાથી તેઓ પોતાનો ધંધો વધારી શકશે. સરકારે એમએસએમઈની વ્યાખ્યામાં પણ ફેરફાર કર્યા છે. આ કેટેગરીમાં વધુ ઔદ્યોગિક એકમોને આવરી શકાય તે માટે વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં રોકાણની મર્યાદા વધારો કરાયો છે. તેમાં ટર્નઓવરના કદ સહિતના વધારાના માપદંડ ઉમેરવામાં આવ્યા છે. અગાઉ સ્જીસ્ઈ કેટેગરીમાં આવતા સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ એમએસએમઈના માપદંડ અલગ હતા, જે હવે સમાન કરી દેવાયા છે. માઈક્રો (સૂક્ષ્મ) એન્ટરપ્રાઈઝની રોકાણની મર્યાદા ૨૫ લાખથી વધારી ૧ કરોડ કરાઈ. ટર્નઓવરની મર્યાદા ૫ કરોડ કરાઈ. ૧૦ કરોડ સુધીનું રોકાણ અને ૫૦ કરોડ સુધીનું ટર્ન ઓવર ધરાવતા યુનિટ સ્મોલ યુનિટમાં આવશે. ૨૦ કરોડ સુધીનું રોકાણ અને ૧૦૦ કરોડ સુધી ટર્ન ઓવર ધરાવતા ઉદ્યોગો મીડિયમ યુનિટની કેટેગરીમાં આવશે. આ ઉપરાંત, સરકારી કામકાજના ૨૦૦ કરોડ સુધીના ટેન્ડર ગ્લોબલ ટેન્ડર નહીં રહે. આ નિર્ણયથી એમએસએમઈ યુનિટ્સને સૌથી વધુ લાભ મળશે. આ ઉપરાંત એમએસએમઈ યુનિટ્સને સરકાર કે સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભ...

પેકેજની જાહેરાત આત્મનિર્ભર ભારતના વિઝનને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ પાંચ સ્તંભ ઈકોનોમિ, ઈન્ફ્રાસ્ટ્રકચર, સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ છે. આત્મનિર્ભર ભારત દ્વારા અમે લોકલ બ્રાન્ડને ગ્લોબલ બનાવવા માંગીએ છીએ. આત્મનિર્ભર ભારત માટે ઘણાં પગલા ઉઠાવવામાં આવ્યા. ખેડૂતો, મજૂરોના એકાઉન્ટમાં સીધા જ પૈસા નાખવામાં આવ્યા, જે એક રીતે ક્રાંતિ હતી. પીએમ કિસાન યોજના, ઉજ્જવલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાઓ દ્વારા સીધા લોકોના બેંક ખાતામાં રકમ મોકલવામાં આવી છે. આ યોજનાઓનો ફાયદો ખેડૂતોને મળ્યો છે. જીએસટીથી લઘુ ઉદ્યોગોને મધ્યમ ઉદ્યોગનો ફાયદો મળ્યો છે. તેમણે આત્મનિર્ભરના અર્થ ચાર ભાષામાં કહી બતાવીને કહ્યું કે દેશને આત્મનિર્ભર બનાવવા માટેનું પેકેજ છે. દેશના વિકાસ માટેનું પેકેજ છે. સ્થાનિક ઉત્પાદનને વિશ્વ સ્તર સુધી લઈ જવાનો નિર્ધાર છે. પેકેજમાં જમીન, શ્રમિક અને નાણાંકિય તરલતા (લેન્ડ, લેબર અને લીક્વીડીટી) પર ભાર મૂકવામાં આવ્યો છે.

- લોન ૪ વર્ષ માટે અને ૧૦૦ ટકા ગેરન્ટ ફ્રી છે.
- તે ઉદ્યોગોને મળશે, જેની બાકી ચૂકવવાની નીકળતી લોન ૨૫ કરોડથી ઓછી હોય અને ટર્નઓવર ૧૦૦ કરોડથી વધુ ન હોય.
- ૧૦ મહિના સુધી લોન ચૂકવવામાં છૂટ મળતી રહેશે
- ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી આ લોન માટે એપ્લાઈ કરી શકાશે.
- કોઈ પણ પ્રકારનો એક્સ્ટ્રા ચાર્જ લેવામાં આવશે નહિ. ૪૫ લાખ MSMEને ફાયદો થશે.
- MSMEને ૩ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે, ૪૫ લાખ ઉદ્યોગોને ફાયદો થશે

## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રીના ૨૦ લાખ કરોડના પેકેજની કોંગ્રેસના અશોક ગેહલોત અને મિલિંદ દેવરાએ પ્રસંશા કરી હતી. જ્યારે સુરજેવાલા અને મનીષ તિવારીએ ટીકા કરી હતી.
- સાઉદી અરેબિયામાં ઈદના પર્વે ૨૩મી થી ૨૭મી મે ૨૪ કલાકનો કરફ્યુ જાહેર કરાયો છે.
- સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે ન્યાયમૂર્તિ અને વકીલોને કોવિડ-૧૯ મુક્તિ સુધી કોટ પહેરવામાંથી છૂટ આપી છે.
- છત્તીસગઢ સરકારે ૧૦ ટકા કોરોના ટેક્સ વિદેશી દારૂ પર તથા ૧૦ રૂપિયા દેશી દારૂની બોટલ પર ટેક્સ લગાવ્યો છે.
- ડાંગમાં તોફાની પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો.
- નેપાળમાં ૫.૩ની તીવ્રતાથી ભૂકંપના આંચકા અનુભવા.
- દેશમાં સૌથી વધુ કોરાના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૫૯૨૨ |
| ગુજરાત | ૯૨૬૮ |
| તામીલનાડુ | ૯૨૨૭ |
| દિલ્હી | ૭૯૯૮ |
| રાજસ્થાન | ૪૨૭૮ |
| મધ્યપ્રદેશ | ૪૧૭૩ |

# વિશ્વમાં ૧૬ લાખથી વધુ દર્દીઓ કોરોના મુક્ત થયા

**વિશ્વભરમાં કોરોના કેસોની સંખ્યા ૪૩ લાખ ઉપર : વિશ્વમાં મોતનો આંકડો વધીને ૨૯૩૨૮૭ થયો**

નવી દિલ્હી,તા.૧૩

દુનિયાના મોટાભાગના દેશો કોરોનાના સંકજામાં સપડાઈ ચુક્યા છે. તમામ દેશો કોરોના વાયરસથી ત્રાહિમામ પોકારી ચુક્યા છે. કોરોનાગ્રસ્ત તમામ દેશોમાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. આ આંકડો હવે ત્રણ લાખથી બિલકુલ નજીક પહોંચી ચુક્યો છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા પણ વધીને ૪૩ લાખથી ઉપર પહોંચી ચુકી છે. આકંડો હવે ૪૩૬૧૬૫૪ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૩ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૬૧૨૯૨૯ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૪૫૫૪૩૮ પર પહોંચી



ચુકી છે. દુનિયામાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે આંકડો વધીને ૨૯૩૨૮૭ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૬૩૪૨ પર પહોંચી ચુકી છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલથી હવાઈ સેવા પુનઃ શરૂ થવાની સંભાવના

**એરપોર્ટ પર યાત્રીઓનું તાપમાન ચેક થશે : ગ્લોઝ, ફેસ માસ્ક અને હેડ કવર જેવી પ્રોટેક્ટિવ કિટ પહેરવી પડશે**



નવી દિલ્હી, તા. ૧૩

ભારત સરકાર મેના બીજા પખવાડિયામાં અથવા જૂનની શરૂઆતમાં એરલાઈન્સને મર્યાદિત ધોરણે ઉડ્ડયન શરૂ કરવાની પરવાનગી આપશે તેમ ટોચના એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું. દેશભરમાં મર્યાદિત સંખ્યામાં ટ્રેન શરૂ કરવાના એક દિવસ બાદ સરકાર કદાચ મુખ્ય શહેરો વચ્ચે મર્યાદિત સંખ્યામાં ઉડ્ડયનની મંજૂરી આપી શકે. પોતાની ઓળખ જાહેર નહીં કરવા માંગતાં એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, અમે કામગીરીને પુનઃ શરૂ કરવા માટે વિચારણા કરી રહ્યા છીએ. તેવું કદાચ ચાલુ મહિના દરમિયાન જ શક્ય બની શકે, અને જૂનના પ્રથમ સપ્તાહથી આગળ નહીં ખેંચવાનું આયોજન છે. દેશમાં કોરોના વાઈરસના પ્રસારને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી તે પછી ભારતે ૨૫માર્ચથી દેશની તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સ બંધ કરાવી દીધી છે. ફ્લાઈટ ઓપરેશન અંગેની વિગતો હજુ સુધી સ્પષ્ટ થઈ નથી અને ઘણી એરલાઈન્સને હજુ માહિતગાર કરવામાં આવી નથી, પરંતુ પેસેન્જર્સ માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ લગભગ નક્કી કરવામાં આવી છે. પેસેન્જર્સને મિડલ સીટ પર બૂકિંગ કરવાની મંજૂરી આપવામાં આવે છે અને સિનિયર સિટિઝન્સને પ્રવાસ ન કરવાની સલાહ આપવામાં આવશે. કેબિન બેગ પર પ્રતિબંધ રહેશે. એરપોર્ટ પર પ્રવાસીઓનું તાપમાન માપવામાં આવશે અને તેમણે ગ્લોવ્ઝ, ફેસ માસ્ક અને હેડ કવર જેવી પ્રોટેક્ટિવ કીટ પહેરવી પડશે.

## બે કલાકમાં પરફેક્ટ રિપોર્ટ આપી શકતી સ્વદેશી કિટનો ખર્ચ ફક્ત ૫૦૦ રૂ. થશે

**પ. બંગાળના વૈજ્ઞાનિકોએ કોરોના ટેસ્ટ માટે સસ્તી કીટનું નિર્માણ કર્યું, નામ આપ્યુ ફેલુદા : ટાટા સન્સ સાથે ઉત્પાદનના કરાર થયા, વધુ કેટલીક કંપનીઓ સાથે પણ કરાર થશે, જૂનથી ટેસ્ટ કિટ બજારમાં ઉપલબ્ધ થશે**

કોલકાત્તા,તા.૧૩

બે ભારતીય વૈજ્ઞાનિકોએ કોરોનાનો ટેસ્ટ કરી આપતી તદ્દન કિફાયતી અને છતાં ચોક્સાઈભરી કિટ શોધી કાઢી છે. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ દ્વારા પ્રમાણિત થયેલ આ ટેસ્ટ કિટને ભારત સરકારે માન્યતા આપી દીધી છે અને હવે બહુ ઝડપથી તેનું ઉત્પાદન પણ શરૂ થઈ જશે. બે બંગાળી વૈજ્ઞાનિકોએ આ કિટની શોધ કરી હોવાથી તેમણે વિખ્યાત ફિલ્મસર્જક સત્યજીત રાયના જાણીતા પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી કોરોના શોધી આપતી આ કિટને પણ ફેલુદા નામ આપ્યું છે....!! ટાટા સન્સ કંપની દ્વારા ઉત્પાદનના કરાર કરવામાં આવ્યાં છે. આ કિટ સંબંધિત વિગતો માટે સીએસઆઈઆરના ડિરેક્ટર જનરલ ડો. શેખર માન્ડેએ એક અખબારને આપેલી મુલાકાતમાં સત્તાવાર રીતે માહિતી આપતાં કહેવાયું હતું કે, આ પેપર સ્ટ્રિપ ટેસ્ટ કિટ ઈન્સ્ટિટ્યુટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટિગ્રેટિવ બાયોલોજી સંશોધન

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉન પુરુ થયા બાદ પણ વર્ક ફ્રોમ હોમ પર જોર

**કર્મચારી માટે ગાઇડલાઇન બનશે**

નવી દિલ્હી, તા.૧૧

લોકડાઉન પુરૂ થયા બાદ પણ અનેક સેક્ટરની કંપનીઓમાં વર્ક ફ્રોમ હોમ ચાલુ રહેશે. અનેક કંપનીઓના એચઆર મેનેજરે હવે વર્ક ફ્રોમ હોમની પૉલિસી બનાવવા પર કામ શરૂ કરી દીધું છે. આમાં કર્મચારીના ઘરથી કામ કરવા પર ગાઈડલાઈન, તેની વર્ક મૉનિટરિંગ અને પરફોર્મેન્સ અપ્રેઝલ સામેલ છે. લોકડાઉન પુરૂ થયા બાદ પણ ચાલુ રહેશે વર્ક ફ્રોમ હોમ.

કોવિડ-૧૯ બાદ કંપનીઓએ વર્ક ફ્રોમ હોમની માન્યતા આપી. એચઆર મેનેજર્સે વર્ક ફ્રોમ હોમ પૉલિસી બનાવવાની શરૂઆત કરી. જે સેક્ટરમાં વર્ક ફ્રોમ હોમ થઈ શકે છે ત્યાંની કંપનીઓએ શરૂઆત કરી. આઈટી સેક્ટર, બીપીઓ સેક્ટર જેવી કંપનીઓએ કર્મચારી માટે વર્ક ફ્રોમ હોમની પૉલિસી પર કામ ચાલુ કર્યું. કર્મચારી ઘરમાં કેટલા કલાક કામ કરશે તે માટે ગાઈડલાઈન બનશે.

## ઈન્કમ ટેક્સ રિટર્નની તારીખ ૩૦ નવેમ્બર સુધી લંબાવાઈ

નવી દિલ્હી, તા. ૧૩

સરકારે બુધવારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે આવકવેરા વળતર ભરવાની અંતિમ તારીખ વધારીને ૩૦ નવેમ્બર ૨૦૨૦ કરી હતી. આ સાથે, કર વિવાદના સમાધાન માટે લાવવામાં આવેલી 'વિવાદથી આત્મવિશ્વાસ યોજના' નો લાભ પણ કોઈ વધારાના ચાર્જ વગર ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી વધારવામાં આવ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારામન અને નાણા રાજયમંત્રી અનુરાગ ઠાકુરે મંગળવારે વડા પ્રધાને જાહેર કરેલા આર્થિક પેકેજોની વિગતો રાખી, માઈક્રો, લઘુ અને મધ્યમ (એમએસએમઈ) ઉદ્યોગ માટે વિવિધ પગલાંની જાહેરાત કરી હતી, તેમજ ગયા નાણાકીય વર્ષના આ આકારણીની પણ. વર્ષમાં ભરવા માટેની વ્યકિતગત આવકવેરા રીટર્ન અને અન્ય વળતર બંને માટેની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી વધારી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૩૮૮૪૬૦ | ૨૯૫૧૩૦ | ૧૬૧૨૯૨૯ |
| ભારત | ૭૭૮૮૯ | ૨૫૪૪ | ૨૬૦૯૦ |
| ગુજરાત | ૯૨૬૮ | ૫૬૬ | ૩૫૬૨ |
| ગાંધીનગર | ૧૪૨ | ૦૬ | ૫૩ |

## દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૪,૨૯૨ પર પહોંચી

**શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં તેલંગાણાથી ઝારખંડ આવેલો એક મુસાફર કોરોના પોઝિટિવ**

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં અત્યાર સુધી સંક્રમિતોનો આંકડો ૭૪,૨૯૨એ પહોંચ્યો છે અને ૨,૪૧૫ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૨૪,૪૫૩ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૨૪,૪૨૭ સંક્રમિતો સાથે મહારાષ્ટ્ર પહેલા નંબરે છે અને બીજા નંબરે ગુજરાતમાં સંક્રમિતોની સંખ્યા ૮,૯૦૪ થઈ ગઈ છે. અને હવે તમિલનાડુ ૮,૭૧૮ સંક્રમિતો સાથે ત્રીજા નંબરે આવી ગયું છે.

ઝારખંડના સ્વાસ્થ્ય સચિવ નિતિન મદાન કુલકર્ણીએ બુધવારે જણાવ્યું કે, એક વ્યક્તિ જે શ્રમિક સ્પેશ્યલ ટ્રેનમાં સોમવારે રાતે રાંચી પહોંચ્યો હતો. તેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૭૩ થઈ ગઈ છે. શાંઘાઈ સહયોગ સંગઠનની બુધવારે બેઠક છે. જેમાં વિદેશ મંત્રી એસ. જયશંકર સામેલ થશે. જેમાં ખાસ કરીને કોરોના વાઈરસ સામે લડવા અંગે ચર્ચા કરાશે. આ તમામ એક બીજા સાથે વીડિયો કોન્ફરન્સથી જોડાશે.